## નમસ્કાર ગાંધીનગર

**પમરાટ**

ઉંબરને- બારણાંને - કે ના ટોડલાને પૂછ
ઘરમાં ઉદાસી કેમ છે ? ખાલીપણાને પૂછ

રણ તો કહેશે : કેટલાં હરણાં ઢળી પડ્યાં !
સપનાં ડૂબ્યાં છે કેટલાં તે ઝાંઝવાને પૂછ

- મનોજ ખંડેરિયા

**પાથેય**

- રમેશ ઠક્કર

# રણાનુભવ...

રણને પણ સૌંદર્યનું આગવું આવરણ હોય છે...રેત જયારે શ્વેત બની વિસ્તરે છે ત્યારે એ મરૂભૂમીનું હેત બની જાય છે.માઇલોથી મપાય એ પંથ કહેવાય..નેણથી મપાય એ રણ..તરસ એ રણની ઓળખ છે..તૃપ્તિ એ એની તલાશ હોય છે..

અસીમતાને આંબવા માટે ઊંટનાં ચરણ જોઇએ..ઝાંઝવાંની ઝંખના જોઇએ..નેજવાંનો નખશીખ સહારો જોઇએ..માણસની પ્રતિક્ષા એવી ધારદાર હોવી જોઇએ કે ક્ષિતિજોની પેલેપારથી પણ પ્રતિસાદ પ્રગટે..કહેવાય છે કે જીવવાનું ચાલકબળ તિતિક્ષા છે..હિંમત એ હયાતીનું હોકાયંત્ર છે..આવી ઉત્કટતા ના હોત તો એકધારી રેતની આ ચાદર આપણને શકયતાના પાદર સુધી લઇ જઇ શકી ના હોત..!

રણને ભેદવું એટલે કોઇ નીતાંત નીરને સંવેદવું..સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે દરિયો જયારે સુકાઇ જાય છે ત્યારે એ રણ બને છે..પણ હકિકત એવી છે કે..પ્યાસ જયારે આડેહાથ મુકાઇ જાય છે ત્યારે એમાંથી રેતકણ બને છે...એ આપસમાં એકબીજાને આલિંગન આપે એટલે રણનો અસબાબ બને.. રેતકણો એ મરૂભૂમિના શ્વેતકણો છે. જેના થકી સન્નાટા અને સુનકારના પ્રચંડ પડકારને નાથી શકાય છે..

આપણે લયનાં અનેક રૂપ જોયાં હશે પરંતુ સુસવાટો પણ લયનું સ્વરૂપ છે ..સૂનકાર પણ એક અલંકાર છે રણનો..આવું બધું રણ થકી જાણી શકાય છે..ખારાશનો ભ્રમ હોતો નથી એ સ્વયંસ્પષ્ટ બની વિસ્તરે છે..એને જયારે શ્વેત રજકણો બહેકાવે છે ત્યારે એ ઝાંઝવાં બને છે..ભ્રમ એ એનું ચાલકબળ છે..

જળનું સૌથી અલૌકિક રૂપ એ મૃગજળ છે..સમગ્ર પણે છળ લાગતું રણ નીરખી ને જોઇએ તો અકળ લાગે છે..આપણી સરસરી નજરને બાળી નાખતી રેતચાદર ઊંટના પગલાંની મુલાયમ નજાકતને સહજ બહેલાવે છે .અજરજ અહીં રજરજમાં છે..વિસ્મય એ વિશ્વાસ છે..ધૂળને પણ અવકાશી સફર કરાવતી ડમરી..કે ક્ષિતિજોને શણગારતી આંધી એ પણ કુતુહલના અજાયબ ખજાના સમાન છે...ટુંકી દિશાઓને ટાંપતી આપણી નજર રણની અફાટતાને માપવા ટુંકી પડે એ સ્વાભાવિક છે..!

# રાજકારણમાં નવા પડકારો

**તંત્રીસ્થાનેથી...**

એકાએક રાજકારણમાં ઉછાળો આવી ગયો છે અને ફોકસ મોદી પરથી હટીને ભાજપના જ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન ગડકરી તથા દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા પર કેન્દ્રિત થઈ ગયું છે. નીતીશ કુમારે જે ખેલ પાડી દીધો એનાથી મોદીમંડળી ઊંઘતી ઝડપાઈ હતી. 'જંગલરાજ' કહીને જેને ઉતારી પાડતા હતા એ જ લાલુ શાસનના રાજદ્વારી વારસના શરણે જવામાં નીતીશકુમારને શાણપણ વરતાયું છે. હવે એ ફરી એકવાર 'બડે ભૈયા' લાલુની મહેરબાનીથી રંગેચંગે મુખ્યમંત્રી પદ જાળવી શક્યા છે. મોદી સાથે શરૂથી જ આંખ લડેતી તો હતી જ. પરંતુ 'સંજોગો' બદલાતાં હરિફાઈમાં કયાંય ટકી શકાશે નહીં એવી પ્રતીતિ થતાં દિલ્હીનાં સપનાં મનનાં ઊંડા ઓરડે ધરબી દઈ બિહારની જાગીર સાચવી રાખનારા સંકલ્પ સાથે લાલુ-પુત્રને અળગો કરી દિલ્હીના શહેનશાહના ખોળે બેસી ગયા હતા. બધા એમ જ માનવા લાગ્યા હતા કે હવે નીતીશ નામના કોબ્રાની ઝેરની દાઢ મોદી-શાહ જેવા મદારીઓએ ખેંચી કાઢી છે અને તે એમની મોરલીના સૂર પર જેમ નચાવશે તેમ નાચશે. એને બિહારનું રજવાડું જ સાચવવામાં રસ છે પણ મહારથીઓની ગણતરી ખોટી પડી છે. નીતીશકુમારની રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષા ભારેલા અગ્નિ જેવી છે. ફૂંક મારતાંની સાથે એ પ્રજ્જવલિત થઈ ઊઠી છે અને હવે એ ફરી પાછા ફોર્મમાં આવી ગયા છે. ૨૦૧૪ થી ૨૦૨૨ સુધી વડાપ્રધાનની રેસમાં રહેવાનું સપનું દેડકાની જેમ જમીનમાં દાટી રાખ્યું હતું. ચૂંટણીનું ચોમાસું આવતાંની સાથે એ ડ્રાઉં ડ્રાઉં કરતું બહાર આવી ગયું છે. વળી એ બિહાર છોડવા તૈયાર ન હોય તો પણ હવે વધુ લાંબા વખત માટે બિહાર એમને સંઘરશે નહીં એની પણ પ્રતીતિ થઈ ચૂકી છે. સમીકરણો માંડતા સ્થાનિક રાજદ અને ભાજપ બેઉ એમના જદ(યુ) થી આગળ નીકળી ગયા છે. લાલુ મરતાં પહેલાં તેજસ્વીનું સી.એમ. પદે રાજયારોહણ જોવા માંગે છે. ભાજપ સાથેના ગઠબંધનમાં પણ આયોજનપૂર્વક પાસવાનપુત્રનું લંગશિયું નાખીને દિલ્હીના ધુરંધરોએ નીતીશને એમની હેસિયત બતાવી દીધી હતી. ભાજપને વધુ બેઠકો મળી હતી. લોજપાએ નીતીશના ઉમેદવારોના વોટમાં જ ગાબડાં પાડ્યાં હતા અને તેમાં દિલ્હીના ઈશારા અને આશીર્વાદ હતા. નીતીશે બરાબર સમય પારખીને પલટી મારી દીધી છે. અને હવે પછીનાં એમનું ક્ષેત્ર બિહાર નહીં રહેતાં રાષ્ટ્રીય ક્ષેત્ર પર્યંત વિસ્તરતું રહેશે. સોનિયા-મમતા-ચંદ્રશેખરથી લઈ શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે અને સ્ટાલિન સુધીના નેતાઓ વચ્ચે તેઓ એક સર્વમાન્ય ચહેરા તરીકે વિપક્ષના વડાપ્રધાનના ઉમેદવાર તરીકે ઊપસવા માગે છે. તેજસ્વી યાદવે એનો સંકેત આપી પણ દીધો છે અને ખુદ નીતીશકુમારે ૨૦૧૪માં જીત્યા હતા એ ૨૦૨૪માં જીતશે એવું થોડું છે ? - એવું વિધાન કરીને મોદીને સીધેસીધો પડકાર પણ ફેંક્યો છે. મોદી સામે કેજરીવાલ અને મનિષ સિસોદિયા તો જંગે બહાદુર થઈ મેદાનમાં ઊતર્યા જ છે, તો વળી ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ એવી કોંગ્રેસને પણ હવે એટલું તો ભાન થયું જ છે કે પ્રાદેશિક પક્ષો સાથે સમાધાન કરવામાં જ શ્રેય છે. ભાજપમાં હમણાં રાષ્ટ્રીય કાર્યકારિણી અને પાર્લામેન્ટરી બોર્ડનું નવેસરથી ગઠન થયું છે. એમાં સ્પષ્ટવક્તા અને કાર્યદક્ષ વરિષ્ઠ નેતા - પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન ગડકરીનું પત્તું કપાયું છે. શિવરાજ સિંહને સાઈડલાઈન કરાયા છે. વસુંધરા રાજે અગાઉથી જ સાઈડલાઈન થયેલાં છે. આ તમામ ઘટનામાં ઊડીને આંખે વળગે અને હૈયા સોંસરવી ઊતરી જાય એવાં નિખાલસ નિવેદનો કરીને નીતીન ગડકરી ભાજપની કેન્દ્રીય 'ગુજ્જુ' નેતાગીરી સામે સીધો જ પડકાર ઊભો કરી રહ્યા છે. આરએસએસના સંસ્કારો ધરાવતા નાગપુરના આ સાંસદને વળી સુબ્રમણ્યમ સ્વામીનું પણ સમર્થન સાંપડી રહેશે. ૨૦૨૨ની રાજયોની ચૂંટણી અને ૨૦૨૩માં થનારી ચૂંટણીઓ પછી ૨૦૨૪ ની ફાઈનલ રમાશે ત્યારે મોદી સામે ગડકરીથી લઈ યોગી સુધીના આંતરિક પડકારો હશે તો સાથે સાથે નીતીશ-મમતા-અખિલેશ-ચંદ્રશેકર-પવાર-ઉદ્ધવ-સ્ટાલિન અને કેજરીવાલ સહિતના વિપક્ષી નેતાઓ અને કોંગ્રેસનો પડકાર પણ હશે. સમય બહુ જ બળવાન છે.

# શિવજીનાં પણ નામ હજાર !



'સહસ્રનામ' સ્તોત્રનો જ એક પ્રકાર છે. પોતાના આરાધ્ય ઈષ્ટ દેવ કે દેવીના હજાર નામો. મોટે ભાગે ૧૦૦૮ નામો હોય. ૧૮, ૧૦૮, ૧૦૦૮ આ શુભાંકો છે. ધાર્મિક પરંપરાઓ તો ઉદાર અને અનુકૂલનક્ષમ છે. સહસ્ત્રનામનો સમયન થી ? તો ૧૦૮, જેમ કે શ્રી વિષ્ણુના ૧૦૮ નમો.

(૧) વિષ્ણુસહસ્રનામ
(૨) પુરુષોત્તમ સહસ્ત્રનામ
(૩) હનુમત સહસ્ત્રનામ
(૪) શિવસહસ્રનામ
(૫) ગાયત્રી સહસ્રનામ
(૬) લક્ષ્મી સહસ્રનમામ

સમગ્ર શ્રાવણ માસ શિવમહિમાનો માસ છે : શિવપૂજનનો છે. આથી શિવસહસ્રનામન્ આ માસમાં વિશેષ મહત્ત્વ છે.

અહીં આમાંથી પસંદ કરેલા કેટલાંક વિશેષ નામો આપ્યાં છે :

(૧) અર્થિગમ્ય - જે કોઈ શ્રદ્ધાપૂર્વક યાચના કરે; તેની પાસે આસાનીથી પહોંચી જાય અને યાચના સંતોષે.

(૨) અષ્ટમૂર્તિ : એમના આ આઠ સ્વરુપો છે - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને પુરોહિત.

(૩) પિનાકિન - એમના ધનુષ્યનું નામ પિનાક છે.

(૪) ભક્તપ્રિય - ભક્તોને પ્રિય છે એને ભક્તો પ્રિય છે.

(૫) વિશ્વદીપ્ત - એના થકી સમગ્ર વિશ્વ ઉજળું છે.

(૬) કવિ - એ સર્વજ્ઞ પ્રતિભાશીલ, ચતુર, બુદ્ધિશાળી, વિચારશીલ, પ્રશંસનીય અને કાવ્યસર્જક છે.

(૭) કામદેવ - એ શ્રદ્ધાવાન ભક્તની મનોકામના પૂરી કરે છે.

(૮) જગદીશ - એ સમગ્ર જગતના સ્વામી છે.

(૯) સાધુસાધ્ય - સજ્જનો એને આસાનીથી મેળવી શકે છે.

(૧૦) વર્ણાશ્રમગુરુ - બ્રાહ્મ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર તેમજ બ્રહ્મચારી, ગૃહસ્થી, વાનપ્રસ્થ અને સન્યાસી - સૌ કોઈના ગુરુ છે.

(૧૧) ભોજન - ભોજન પોતે જ શિવસ્વરુપ છે. એમની કૃપાથી મળેલું છે.



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

(૧૨) નૃત્યપ્રિય - નૃત્ય વગેરે કલાઓ એને પ્રિય છે. એ પોતે એના પ્રેરક છે.

(૧૩) હર - એ સૌ કોઈના દુઃખ હરી લે છે.

(૧૪) કર્તા - આ સંસારમાં જે કાંઈ થાય, એના એ કરનારા છે એટલે કે, 'હું કરું છું' એવું અભિમાન કોઈએ કરવું નહીં.

(૧૫) લલાટાક્ષ - એના કપાળમાં નેત્ર છે. જયાં કોઈની પણ નજર ન પહોંચે; ત્યાં એમની પહોંચે છે.

(૧૬) વિદ્વત્તમ - એ સૌથી મોટા વિદ્વાન છે. એટલે કે, 'હું મોટો વિદ્વાન છું' એવું કોઈએ અભિમાન ન કરવું.

(૧૭) વિશ્વવાસ - સમગ્ર વિશ્વ એમનો આવાસ છે, સમગ્ર વિશ્વમાં એમનો વાસ છે.

(૧૮) જગદ્ હિતૈષી - એમને કાયમને માટે સમગ્ર જગતનું હિત કરવાની ઈચ્છા હોય છે.

# શબ્દ એક જ - સંદર્ભ ને અર્થ અલગ !

oooooooooooooooooooooooooooooooooooooo

## ધારણાઓ પર ચાલે છે વ્યવહાર



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

અખબારના પાને નજરે પડતો શબ્દ એક જ હોય પણ પેપરનું પાનું ફરે એમ એનો સંદર્ભ - અર્થ બદલાઈ જાય એ તમેય નોંધ્યું હશે જ !

સ્પોર્ટ્સ પેજ ઉપર ક્રિકેટરે 'ફટકાર્યા' કે 'ફટકારી' હોય તે રન કે સેન્ચ્યુરી હોય.

હૉકી કે ફૂટબોલ પ્લેયરે 'ફટકાર્યો' હોય તે ગોલ હોય.... અને સિટી કે સ્ટેટ ન્યૂઝ પેજ ઉપર કે ક્રાઈમ ન્યૂઝ પેજ ઉપર પોલીસે ફટકાર્યા હોય ગુનેગારોને !

જો કે દરેક વખતે પોલીસ ફટકારે તે ગુનેગાર જ હોય એવું જરૂરી નહીં... કયારેક ઉપરના ઓર્ડરથી કે પોતે બહું કંટાળી ગયા હોય ત્યારે પોલીસકર્મીઓ દેખાવકારોને ય ફટાકરતા હોય છે, કેમ કે દેખાવો કરવા, માંગણીઓ માટે ધરણાં ને સરઘસ કાઢવા, અન્યાય કે સરકારની ભૂલો સામે અવાજ ઉઠાવવો એ હવે, દેશ કી શાન કે ખિલાફ' (કે શાસક પક્ષની પોશિઝનમાં પંકચર પાડનારું) મનાઈ રહ્યું છે !!)

ક્રિકેટર ફટકારે (રન સ્તો) બેટથી, હૉકી પ્લેયર ફટકારે (ગોલ) હોકીથી ને ફૂટબોલ ખેલાડી એ ફટાકરે પગથી.... તો પોલીસભાઈઓ ફટકારે દંડા - લાઠીથી (કયારેક એ પાદપ્રહાર ને હસ્ત મુત્કામાર પણ હોઈ શકે....) આમ ક્રિયા એ ક જ હોય છે - ફટાકારવાની પણ એ માટેનાં સાધનો ભિન્ન-ભિન્ન અને સાધ્ય અલગ અલગ...

એમ તો સાહેબ, પોલીસ ને 'દાદા' લોક - 'ભાઈ' લોક ધોલાઈ કરે છે તો શૅરમાર્કેટ પણ કયારેક કયારેક ઈન્વેસ્ટર્સનું ધોવાણ કયાં નથી કરી નાખતું ? આ બધી ધોલાઈ પાછી વગર સાબુએ થતી ધોલાઈ છે. એક શારીરિક હોય છે તો બીજી આર્થિક ! ભારે વરસાદ પડે ત્યારે પહેલાં (માટીનું - નબળા બાંધકામવાળા રોડનું) ધોવાણ થતું હોય છે ને પછી પડે ગાબડાં... શૅરબજારમાં ઉલ્ટું થાય છે. પહેલાં પડે છે ગાબડું - સેન્સેક્સના પોઈન્ટમાં અને એના પગલે આવી પડે છે ધોવાણ - રોકાણકારોની મૂડીનું !!

શૅરમાર્કેટની વાત થઈ રહી છે તો એક જૉક યાદ આવે છે : 'ઘંટાકર્ણ મહાવીર સ્વામીના તીર્થ મહુડી મંદિરની સુખડી અને શૅરબજારના રૂપિયા બહાર ના લઈ જવાય.... ત્યાં ને ત્યાં જ પતાવી દેવાં પડે !!'

ચોમાસામાં આકાશે વાદળોના ગડગટાડ સાથે જોવા - સાંભળવા મળે છે વીજળીના કડાકા.... શૅરબજારના કડાકા ય આ આકાશી વીજળી જેવા ભયાનક હોય છે.... બંને ઘણીય વાર 'શૉક' આપનારા ને જાનમાલને નુકશાન પહોંચાડનારાં નિવડે છે.

પરંતુ શૅરબજારના રસિયાઓ ને ખેલાડીઓનો મંત્ર હોય છે 'નો રિસ્ક, નો ગેઈન....' તથા 'ખેલતે રહો'. આ લોકો પોતે લીધેલા શૅરના ભાવ જોરદાર ઊંચકાશે અને માલામાલ થઈ જઈશું એવી 'ધારણા' (બજારના ટ્રેન્ડનો અભ્યાસના આધારે બાંધેલા અનુમાન) સાથે જ ઝૂકાવતા હોય છે ને !

આમ જોઈએ તો આપણા બધા વ્યવહાર 'જો' ને 'તો' ની ધારણા ઉપર જ નભે છે ને ચાલે છે એમ કહીએ તો ખોટું નથી. નાના હોઈએ ત્યારે 'ધાર કે તારી પાસે એક રોટલી છે અને કોઈ ભૂખ્યો - ગરીબ આવે તો તું શું કરે ?' એમ ધારણા કરાવીને જ 'એમાંથી અડધી રોટલી ભૂખ્યાને આપવાની કરી, વહેંચીને ખાવાના ને દયા - લાગણીના પાઠ ભણાવાય છે. પછી 'ધારો કે તમે એક પેન વીસ રૂપિયાની લીધી.. એ કેટલા રૂપિયામાં વેચો તો, તમે ૫૦ ટકા નફો કમાવ?' ? એવી રીતે ધારણા કરાવીને વેપારના કમાણીના દાખલા શીખવાડાય છે.

એમ તો 'આ છોકરો કે છોકરી ચારો જમાઈ કે સારી પુત્રવધુ નીવડશે' એવી ધારણા અનુમાન કરીને જ લગ્નો થતાં હોય છે. અને આ લાઈન ઉજ્જવળ છે એવી ધારણા સાથે ભણવાની લાઈન પકડાતી હોય છે... અરે, 'આ ઉમેદવાર આપણા કામ કરશે - આપણને સાંભળશે એવી ધારણાઓ સાથે 'એક્સ' કે 'વાય' ઉમેદવારને વોટ આપી - અપાવી જીતાડ્યા પછી કેટલીય વાર પસ્તાવાના વારા આવતા જ હોય છે ને...

છતાંય જગત આખું 'ભ્રમ' અને 'ધારણાઓ' ઉપર ચાલે છે...

ધારણાની વાતમાં એકવાર એવું થયું કે એક દોસ્તે બીજાને કહ્યું : ધાર કે હું તને પચાસ હજાર રૂપિયા આપું તો... 'પેલાયે તરત જ કહ્યું : 'મારે ધારવાનું જ હોય તો પચાસ હજાર શું કામ ? કરોડ જ આપને !'

આ તો પેલા જેવી વાત થઈ..... એક ભાઈએ બીજાને પૂછ્યું કે 'આ દિવાળી વેકેશનમાં હું ફેમિલી સાતે ભૂતાન ફરવા જવાનું વિચારું છું ... આશરે કેટલો ખર્ચો થાય ?' પેલાએ જવાબ આપ્યો : 'એક રૂપિયો ય નહીં... વિચારવામાં કોઈ ખર્ચ ના થાય!'

માથે ઘીનો ઘડો લઈને વેચવા નીકળેલા શેખચલ્લી ચાલતા ચાલતા ધારવા લાગ્યા કે અહીં ગામ કરતાં પાસેના શહેરમાં જઈને મારું આ ઘી વેચીશ તો મને આટલા બધા રૂપિયા મળશે.... 'આટલા બધા' કહીને ઘડો પકડેલા હાથ છોડ્યા ને ઘડો ધડામ દઈને નીચે પડ્યો.... બધું ઘી ધૂળ ભેગું... ધારવા ને વિચારવાનું તો આવું છે... કંઈક નક્કર કરવું જરૂરી છે.

# ભૂત અને ભવિષ્ય જાણવા માટેનું સહાયક આકાશી રેકોર્ડ

**આજનું વિશેષ**
**ડો. ચિરાગ જાની**

આકાશી રેકોર્ડ, ગૂઢવિદ્યામાં, સમયની શરૂઆતથી બનતી તમામ ઘટનાઓ, ક્રિયાઓ, વિચારો અને લાગણીઓનું ચિત્રાત્મક રેકોર્ડ, આધ્યાત્મિક માધ્યમથી ક્રમનું સંચાલન મુજબ માનવની ઈચ્છાશક્તિ, વિચાર, લાગણી અને કલ્પનાના તરંગોની ગુપ્ત શક્તિનો ભંડાર, અચેતનતાનો મહાસાગરની જોડાણ કરી ભવિષ્યવાણી માટે દાવેદારી શક્ય બનાવે છે. આકાશિક રેકોર્ડ્સ વિશેની વાસ્તવિકતા સ્થૂળ અને ચોક્કસપણે અસ્તિત્વમાં સૂર્યમંડળના કારણે તેના સર્જક પરમાત્મા પરમેશ્વર શિવ તરીકે ઓળખાય છે. સૌરમંડળની દરેક ઘટનાનો રેકોર્ડ જેમાં દરેક આત્માના રેકોર્ડ્સનો સમાવેશમાં સૌરમંડળના સર્જકની સાથે રહેલો છે. તે જ રીતે ગેલેક્સીના નિર્માણની આસપાસ ટ્રિલિયન સોલર સિસ્ટમ ફરે છે. વૈજ્ઞાનિકોએ આકાશગંગાના કેન્દ્રમાં સફેદ પ્રકાશ શોધી કાઢ્યો જે અબજો સૂર્યમંડળનો તમામ ડેટા રેકોર્ડ કરે છે. સામાન્ય રીતે ભૌતિક વિશ્વમાં બૌદ્ધિકો આત્માની શક્તિને રજૂ કરવા માટે ચેતના જેવા શબ્દોનો ઉપયોગ વિવિધ સ્તરો માટે છે. વૈજ્ઞાનિકો કહે છે કે, અવકાશી ચેતના ભૌતિક સિક્કાની ચેતનાથી અલગ રેકોર્ડ ધરાવે છે. સૂર્યમંડળમાં સર્જનના ૧૪ સ્તરોમાંથી નીચે અને ઉપરના ૭ સ્તરો જે બ્રહ્મલોક અથવા સત્યલોક પર સમાપ્ત થાય છે. સૌથી નીચલા સ્તરે અને બ્રહ્મલોકની ઉપર પાતાળમાં વિષ્ણુપુરી, શિવપુરી અને અંતે પરમધામ દરેક સ્તર સૂર્યમંડળની અંદરના સર્જનના ચોક્કસ પરિમાણને રજૂ કરે છે. તે સ્તરના તત્વો સૃષ્ટિના કોઈપણ પરિમાણના કોઈપણ સ્તરના તત્વોની સર્જનાત્મક શક્તિ પરિમાણમાં આત્માની શક્તિ પર આધાર રાખી સર્જનના કોઈપણ પરિમાણમાં રચના સ્તરની ચેતના તરીકે ઓળખાય છે. ચેતના ચોક્કસ પરિમાણમાં આત્માઓની સંયુક્ત શક્તિ છે, જે કોઈ ચોક્કસ પરિમાણના રેકોર્ડના અણુઓને સંગ્રહિત કરે છે.તત્વોની શક્તિ શુદ્ધતા અને સૂક્ષ્મતા વધે તેને પરમ તત્વ તરીકે ઓળખવામાં આવે છે. સર્જનનો નિયમ, સર્જકની ઊર્જા દરેક તત્વમાં ખૂબ જ સૂક્ષ્મ રીતે તત્વને શુદ્ધ કરવામાં આવે તો પરમાણુ મળે, જો વસ્તુ શુદ્ધ હોય તો પ્રોટોન અને ન્યુટ્રોન કણો તરીકે ઓળખાય છે. વિજ્ઞાનની ભાષામાં વર્ણવ્યા પ્રમાણે હકીકતમાં આ બધા કણોની વિવિધ ફ્રીક્વન્સી સાથે ઊર્જા સ્વરૂપો છે. ક્વોન્ટમ ફિઝિક્સમાં સર્જકની ઉર્જા તત્વોના તે સૂક્ષ્મ કણોમાં ખૂબ જ સૂક્ષ્મ રીતે સંગ્રહિત ઊર્જાને ચેતના તરીકે ઓળખવામાં આવે છે.

બ્રહ્માંડમાં ૧૪ સ્તરો દરેક સ્તરે ચેતના અલગ અલગ મુજબ દરેક સ્તરે આત્માઓની ચેતના પ્રતિક્રિયાનું સ્તર પણ અલગ બધી માહિતી આકાશી રેકોર્ડ્સમાં ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોના સ્વરૂપમાં સંગ્રહિત છે. આકાશી રેકોર્ડને સમજાવવા માટે એક નવો શબ્દ બનાવવામાં આવ્યો છે જેને ક્લાઉડ કોમ્પ્યુટિંગ તરીકે ઓળખવામાં આવે છે. ક્લાઉડ નેટવર્ક ડેટા રેકોર્ડ વિવિધ ટેક્નોલોજીઓ દ્વારા ડેટા ટ્રાન્સમિટ કરે છે.

હિંદુ શાસ્ત્રોમાં નારદજી જેવા ઘણા તબક્કા બ્રહ્માંડના કોઈપણ સ્તરની માહિતી સરળતાથી મેળવી શકે અથવા ઉચ્ચ પરિમાણથી અદ્રશ્ય સૂક્ષ્મ સ્વરૂપમાં સૃષ્ટિના કોઈપણ સ્તરોમાં પણ મુસાફરી કરી શકે છે. મહાભારત અને રામાયણ જેવી અસરો સહિતની ઘણી હિંદુ રચનાઓમાં બ્રહ્માંડથી સૃષ્ટિના સૌથી નીચા સ્તરથી સર્વોચ્ચ સ્તર સુધી ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની ઘટનાઓ જાણવાની શક્તિ હતી.

પ્રાચીન સમયમાં ઋષિઓએ ધ્યાન દ્વારા તેમની ચેતનાના સ્તરને વધારીને સૂક્ષ્મ શક્તિઓ પ્રાપ્ત કરી હતી. શ્રીમદભાગવત ગીતામાં ચેતના શબ્દ પ્રત્યે આત્મા શબ્દનો પ્રથમ વખત ઉપયોગ થાય છે. ઋષિમુનિઓ તેમની ચેતનાને સ્પંદન કરતા ખૂબ ઊંચા સ્તરે વધારશે અથવા ત્રીજી આંખ શુદ્ધ આત્માની ચેતના દ્વારા જાગૃત કરી શકાય છે જે તેમને પૃથ્વીથી દૂર ઉચ્ચ પરિમાણમાં કોઈપણ ઘટનાના ભૂતકાળના વર્તમાન અને ભવિષ્યને જોવા માટે સક્ષમ બનાવે છે, આત્માની શક્તિ આત્માની ચેતનાની અનુભૂતિ દ્વારા વધે તે માટે સખત આધ્યાત્મિક અભ્યાસ દ્વારા જાગૃત કરવાની જરૂર છે.

વિજ્ઞાન પણ એ હકીકતને સ્વીકારી રહ્યું છે કે, આકાશી રેકોર્ડ્સ કોઈપણ ભૌતિક માધ્યમથી એક્સેસ કરી શકાતા નથી પરંતુ ચેતનાના સ્તરને વધારીને આધ્યાત્મિક શક્તિ દ્વારા જ મેળવી શકાય છે.પૃથ્વી પર આકાશી રેકોર્ડ વાંચવા માટે મનની ચેતના હોય તમામ ડેટા એક્સેસ કરી શકે છે. આકાશી રેકોર્ડ પ્રાપ્તિના સ્તરના આધારે બે મુદ્દા મહત્વપૂર્ણ છે પ્રથમ શુદ્ધ આત્મા ચેતનાનું વાસ્તવિકકરણ અને બીજું ઉચ્ચ શક્તિ સાથે યોગને જોડવું આત્મા ચેતનાની સ્થિતિ પ્રાપ્ત કર્યા વિના કંઈપણ અશક્ય નથી.વિશાળ અનંત સૃષ્ટિના એક આશિક રેકોર્ડના તમામ ડેટાને આકાશી રેકોર્ડ્સ સુધી સ્વીકારવાની પરવાનગી આપીને તે જબરદસ્ત શક્તિ પ્રાપ્ત કરવામાં સક્ષમ છે, એક આત્મા ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના રેકોર્ડ્સનું જ્ઞાન મેળવી શકે છે.

લોસ ફ્લો ૨૦૦૪ માં પ્રકાશિત પુસ્તકમાં અદ્રશ્ય આકાશ આઈટી ક્ષેત્ર વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રીનું રિચાર્ડ ફાધર ઈમાને ક્વોન્ટમ ફિઝિક્સ પર પ્રકાશ અને દ્રવ્યની વિચિત્ર થિયરી નામનું પુસ્તક લખ્યું છે કે મગજના કોષોના ઈલેક્ટ્રોન્સને ક્વોન્ટમ પદ્ધતિઓનો ઉપયોગ કરીને સક્રિય કરી શકાય છે જેના દ્વારા મનના વિચારો તેમજ અર્ધજાગ્રત મનને નિયંત્રિત કરી શકાય છે. વૈજ્ઞાનિકો સૂક્ષ્મ વિશ્વને સાચા અર્થમાં આધ્યાત્મિક વિજ્ઞાન ખૂબ જ ઝડપી ગતિએ વિકસિત કરશે અને આ ભૌતિક વૈજ્ઞાનિકોની જગ્યાએ આધ્યાત્મિક વૈજ્ઞાનિકો લેશે.

**આકાશિક રેકોર્ડ્સને એક્સેસ કરવા નીચેના ૬ સોપાન ઉપયોગ કરવો.**

સોપાન ૧.મનની અને બુધ્ધિ શક્તિ સ્થિર કરવી : આકાશિક રેકોર્ડ્સમાં તમારા મનને શું જોઈએ છીએ તે નક્કી કરવા માટે તમારો સમય કાઢી તેના પર તમારો પ્રશ્નને ધ્યાન કેન્દ્રિત કરી આકાશી રેકોર્ડ્સ એક્સેસ કરવાના તમારા ઈરાદાઓને ઓળખવામાં પ્રયાસ કરવો.

સોપાન ૨. જીવનના ભૂતકાળનો પ્રશ્નો બનાવી વર્તમાન જીવનમાં નિર્ણય લેવામાં મદદ કરી શકે. ઉદાહરણ તરીકે, તમે પૂછી શકો છો? "શું મેં ક્યારેય ભૂતકાળના જીવનમાં કોઈ દુર્ઘટનાનો અનુભવ કર્યો છે, જે મારા વર્તમાન જીવનને અસર કરી રહી છે?"

સોપાન ૩. વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે એક સમયે એક પ્રશ્ન પૂછવાનો પ્રયાસ કરો. આ અભિગમ કોઈ મુદ્દા પર સ્પષ્ટતા મેળવવાનું સરળ બનાવી શકે છે, તમારા સંબંધો, કારકિર્દી, સ્વાસ્થ્ય અને અન્ય અંગત રુચિઓ પર એક સમયે ધ્યાન કેન્દ્રિત કરવું.

સોપાન ૩. જીવનનો પ્રશ્ન મોટેથી જણાવો અને માર્ગદર્શન માટે પૂછોવો જ્યારે તમે તમારા આકાશિક રેકોર્ડ્સને ઍક્સેસ કરવાની પ્રક્રિયા શરૂ કરવા માટે અનુભવો બાદ પ્રશ્ન અથવા શોધ પર ધ્યાન કેન્દ્રિત કરો. જેમ કે કહીને, "મારા પાછલા જીવનમાં હું કયો વ્યવસાયો કરતો હતો જે મને આ જીવનમાં શું હોવું જોઈએ તે શોધવામાં મદદ કર?"

સોપાન ૪. આરામદાયક અથવા શાંત જગ્યાએ બેસો જેથી આકાશિક રેકોર્ડને ગમે ત્યાંથી એક્સેસ કરવાનો પ્રયાસ કરી શકાય, પરંતુ જો તમે એવી જગ્યાએ હોવ કે જ્યાં તમને અવરોધ ન આવે તો તે મદદ કરે છે. પ્રાર્થના સાથે પ્રારંભ કરવાનો પ્રયાસ કરી , જેમ કે " હે ઈશ્વર, હું મારી શોધ શરૂ કરીશ અને મને તારી દિવ્ય સફેદ પ્રકાશની ઢાલ સાથે મને ઘેરી લઈશ ત્યારે કૃપા કરીને મને સુરક્ષિત પ્રદાણ કરજે".

સોપાન ૫. તમારા શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરવા માટે તમારા હાથ તમારા પેટ પર રાખવાનો પ્રયાસ કરી ઊંડી આરામની સ્થિતિમાં તમારા પ્રશ્ન પર મનન કરો. એકવાર તમે ઊંડા આરામની સ્થિતિમાં પ્રવેશી લો, પછી તમારા પ્રશ્ન સિવાયના તમામ વિચારોથી તમારા મનને સાફ કરો. તમારા પ્રશ્નનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કરવાથી આકાશિક રેકોર્ડ્સને ઍક્સેસ કરવામાં મદદ થઈ શકે છે. જો નકારાત્મક પ્રતિસાદ મળે તો પણ ધીરજ રાખવી.

આકાશિક રેકોર્ડ્સ એક્સેસ કરવા માટે બહુ પ્રયાસો કરવા પડે છે. જો તે તમારા માટે પ્રથમ વખત કામ કરતું નથી, તો નિરાશ થવું નહીં જ્યાં સુધી માહિતી ન મળે ત્યાં સુધી પ્રયાસ કરતા રહવું, ચેતનામાં માહિતી આવે તેની રાહ જુઓ. હવે જ્યારે તમે બ્રહ્માંડમાં આકાશી રેકોર્ડ્સની ઍક્સેસ માટે તમારો પ્રશ્ન અને વિનંતી મૂકી દીધી છે, ત્યારે માત્ર રાહ જોવાની બાકી છે. શ્વાસ લેવાનું અને ધ્યાન કરવાનું ચાલુ રાખો અને તમારી ચેતનામાં તરતી કોઈપણ માહિતી માટે ગ્રહણશીલ રહો કારણ કે આ તમારા આકાશ રેકોર્ડમાંથી આવી શકે છે.

માહિતી વિવિધ સ્વરૂપોમાં સાંભળી શકો છો, જોઈ શકો છો, ચાખી શકો છો, અનુભવી શકો છો અથવા તો ગંધ પણ અનુભવી શકો છો જે તમને સંદેશ આપવા માટે હોઈ શકે છે. ઉદા પાછલા જીવનમાં તમારા વ્યવસાય વિશે પૂછ્યું હોય, તો તમે તમારા મગજની આંખમાં હથોડી જોઈ શકો છો, જે સૂચવે છે કે તમે સુથાર અથવા લુહાર છો.

સોપાન ૬ પરિચય આપો અને તમને મળેલા કોઈપણને તમારા પ્રશ્નનું પુનરાવર્તન કરો. કંઈક એવું કહેવાનો પ્રયાસ કરો, "હેલો, મારું નામ ચિરાગ છે અને હું મારા ભૂતકાળના જીવનમાં થયેલા કોઈપણ ફોબિયા વિશે માહિતી શોધી રહ્યો છું? ત્યારબાદ તેનું અર્થઘટન કરવા આંખો ખોલો અને આસપાસના વાતાવરણમાં રૂમમાં વિગતોમાં અવાજો, ગંધ અને તમારા વાતાવરણની અનુભૂતિ પર ધ્યાન આપો. ધ્યાન પૂર્ણ કર્યા બાદ પેન અને કાગળ કાઢી અનુભવ વિશે યાદ કરી લખો અથવા છબીઓ બનવાનો પ્રયાસ કરવી.